પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૨૦૯ | ૯ ઓક્ટોબર, ૨૦૨૧, શનિવાર; આસો સુદ - ૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# રેપો રેટ યથાવત રખાતા વ્યાજ દર નહીં વધે

**રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયાએ મોનેટરી પોલિસીની સમીક્ષા કરાઈ : આઈએમપીએસ ટ્રાન્ઝેક્શન લિમિટ ૨ લાખથી વધારી ૫ લાખ કરવા, ઓફલાઈન રિટેલ ડિજિટલ પેમેન્ટ મોડ શરુ કરવાની દરખાસ્ત**

મુંબઈ , તા.૮

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ આજે જાહેર કરેલી પોતાની મોનેટરી પોલિસીમાં રેપો રેટમાં કોઈ ફેરફાર નથી કર્યો. આ સિવાય આરબીઆઈએ નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨માં જીડીપીનો દર ૯.૫ ટકા રહેશે તેવો પણ અંદાજ વ્યક્ત કર્યો છે. ગવર્નર શશીકાંત દાસે જણાવ્યું હતું કે, અર્થતંત્ર પાટે ચઢી રહ્યું છે અને ગત નાણાકીય પોલિસી જાહેર કરાઈ તેના કરતા હાલ સ્થિતિ ઘણી સુધરી છે. ઉલ્લેખનીય છે કે, મે ૨૦૨૦માં જાહેર કરાયેલી પોલિસીમાં મધ્યસ્થ બેંકે રેપો રેટમાં કાપ મૂકતા તે ૪ ટકાના ઓલ ટાઈમ નીચા સ્તરે આવી ગયો હતો. બેંકો દ્વારા અપાતી વિવિધ લોન્સના વ્યાજનો મોટો આધાર રેપો રેટમાં થતાં વધારા કે ઘટાડા પર નિર્ભર હોય છે. આરબીઆઈએ આજે જાહેર કરેલી પોલિસીની મહત્વની વાતોમાં આઈએમપીએસ ટ્રાન્ઝેક્શન લિમિટ ૨ લાખથી વધારી ૫ લાખ કરવાની દરખાસ્ત, હાલ ચાલી રહેલા નાણાકીય વર્ષમાં ફુગાવો ૫.૩ ટકા જેટલો રહેશે, ઓફલાઈન રિટેલ ડિજિટલ પેમેન્ટ મોડ શરુ કરવાની દરખાસ્ત, અનાજનું રેકોર્ડ ઉત્પાદન થવાની શક્યતા વચ્ચે ફુડ ઈન્ફલેશન ઘટવાની શક્યતા, સેન્ટિમેન્ટને જાળવી રાખવા પૂરતો કેશ ફ્લો જળવાઈ રહે તેવા પ્રયાસો કરાશે જેવા મુદ્દાનો સમાવેશ થાય છે.

મધ્યસ્થ બેંક આજે પોલિસી જાહેર કરે તે પહેલા જ મોટાભાગના એક્સપર્ટ્સ માની રહ્યા હતા કે રેપો રેટમાં કોઈ ફેરફાર કરવામાં આવે તેવી શક્યતા નહિવત છે. સતત આઠમી વાર રિઝર્વ બેંકે પોતાની આર્થિક નીતિમાં રેપો રેટમાં કોઈ ફેરફાર નથી કર્યો. આજે જાહેર કરાયેલી મોનેટરી પોલિસીને શેરબજારે પણ વધાવી લીધી છે. આ લખાઈ રહ્યું છે ત્યારે સેન્સેક્સ ૪૦૦ પોઈન્ટ્સના વધારા સાથે ૬૦,૦૦૦ની સપાટીથી ઉપર ટ્રેડ કરી રહ્યો છે. બે દિવસ પહેલા સેન્સેક્સમાં મોટો કડાકો જોવા મળ્યો હતો. જોકે, બુધવારે તેમાં સારી એવી રિકવરી જોવા મળી હતી. આજે પણ બજાર ગ્રીન ઝોનમાં ટ્રેડ કરી રહ્યું છે.

ઉલ્લેખનીય છે કે, કોરોના કાળ બાદ હાલ દેશમાં પોઝિટિવ ઈકોનોમિક સેન્ટિમેન્ટ જોવા મળી રહ્યું છે. ક્રુડના ભાવ ભડકે બળતા હોવા છતાંય અર્થતંત્રમાં રિકવરી દેખાઈ રહી છે, બજારોમાં માગ નીકળી છે. તહેવારોની સીઝન શરુ થઈ ચૂકી છે ત્યારે બેંકો પણ માર્કેટમાં પૂરતા પ્રમાણમાં નાણાનો પૂરવઠો ઠલવાય તેના માટે ખૂબ જ નીચા દરે લોન્સ પણ ઓફર કરી રહી છે. હોમ લોનના વ્યાજ દર હાલ રેકોર્ડ નીચલા સ્તરે ચાલી રહ્યા છે, ત્યારે રિયલ એસ્ટેટ સેક્ટરમાં પણ તેજીનો સંચાર થયો છે, અને મકાનોની માગ વધી છે. આ સ્થિતિમાં આરબીઆઈએ પણ વ્યાજના દરમાં કોઈ ફેરફાર ના કરીને માર્કેટનું સેન્ટિમેન્ટ જાળવી રાખવામાં મદદ કરી છે.

## દુર્ગા પૂજા પંડાલમાં મમતાની દસ હાથવાળી મૂર્તિ મૂકાઈ

**મુખ્યમંત્રી મમતા તરફથી શરૂ કરવામાં આવેલી દસ યોજનાઓને બતાવતા મૂર્તિના દસ હાથ દર્શાવાયા**

કોલકાતા, તા.૮

પશ્ચિમ બંગાળની દુર્ગા પૂજા અલગ-અલગ સામાજિક સંદેશ અને થીમ માટે ઓળખવામાં આવે છે. કોરોના કાળ દરમિયાન પણ બંગાળમાં દુર્ગા પૂજા પંડાલને વિશેષ થીમમાં સજાવવામાં આવ્યો છે. બુર્જ ખલીફાથી લઈને કોરોના સુધી અલગ-અલગ થીમ પર પંડાલને સજાવવામાં આવ્યો છે. આ સૌની વચ્ચે મમતા બેનર્જીના ૧૦ હાથવાળી મૂર્તિ વાળો પંડાલ ચર્ચાનો વિષય બન્યો છે. ઉત્તર ૨૪ પરગનામાં એક થીમ આધારિત પંડાલે પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રીની એક મૂર્તિ માતા દુર્ગાની જગ્યાએ સ્થાપિત કરી છે. આ મૂર્તિમાં મમતા બેનર્જીના ૧૦ હાથ બતાવવામાં આવ્યા છે. દરેક હાથમાં પ્રદેશ માટે વિભિન્ન યોજનાઓ છે. પશ્ચિમ બંગાળમાં દુર્ગા પૂજાના આયોજકોએ આ વખતે સીએમ મમતા બેનર્જીની મૂર્તિને પંડાલમાં સ્થાપિત કરી છે. પંડાલમાં મમતા બેનર્જીની એક મોટી મૂર્તિ લગાવાઈ છે. જેના માતા દુર્ગાની જેમ દશ હાથ પણ બનાવવામાં આવ્યા છે. સીએમની તરફથી શરૂ કરવામાં આવેલી દસ યોજનાઓને બતાવતા મૂર્તિના દસ હાથ દર્શાવવામાં આવ્યા છે. આ પંડાલ ઉત્તર ૨૪ પરગનાના નજરૂલ પાર્ક ઉન્નયન સમિતિ બાગુઈહાટીમાં સ્થિત છે.



'ચાયવાલા'ની ચાયની લહેજત : ચા અને ભાજપને અનોખો સંબંધ છે... ગાંધીનગર રેલવે સ્ટેશન પર કેન્દ્રીય ગૃહમંત્રી અને રાજ્યના મુખ્યમંત્રી 'ચા'ની લહેજત માણતા ખુશખુશાલ દૃશ્યમાન થાય છે... મહિલા સ્વ-સહાય જૂથ સંચાલિત નાગેશ્વર ટી-સ્ટોલનું ઉદ્‌ઘાટન શુક્રવારે ગૃહમંત્રીના હસ્તે કરવામાં આવ્યું હતું... ઉદ્‌ઘાટન બાદ કુલડીમાં ચા પીવાની મજા માણતા અમિત શાહ અને ભૂપેન્દ્ર પટેલની આ તસવીર દેશભરમાં છવાઈ ગઈ હતી... અનોખી મુદ્રામાં લેવાયેલી આ તસવીર અનેક સંદેશ આપે છે...

## હત્યાના કેસમાં રામ રહીમ સહિત પાંચ આરોપી દોષિત

**આશ્રમના વ્યવસ્થાપક હત્યા કેસમાં કોર્ટનો ચુકાદો : રામ રહીમ હાલમાં બે અલગ અલગ ગુનામાં જેલમાં છે**

નવી દિલ્હી, તા.૮

ડેરા પ્રમુખ રામરહીમ પર ચાલી રહેલા હત્યાના કેસમાં સીબીઆઈ કોર્ટે મહત્વનો ચુકાદો આપીને રામ રહિત સહિતના પાંચ આરોપીઓને દોષી જાહેર કર્યા છે. આ તમામને ૨૧ ઓક્ટોબરે સજાનુ એલાન કરવામાં આવશે.

રામ રહીમ પર પોતાના જ આશ્રમના વ્યવસ્થાક રંજિત સિંહની હત્યાનો આરોપ છે. જેમાં બીજા ચાર લોકો પણ આરોપી છે. રામ રહીમ હાલમાં બે સાધ્વીઓ પર રેપના આરોપમાં ૨૦ વર્ષની અને પત્રકાર રામચંદ્ર છત્રપતિ હત્યાકાંડમાં આજીવન કેદની સજા હેઠળ પહેલેથી જ જેલમાં છે.

રંજીતસિંહ હત્યા કેસમાં બચાવ પક્ષે ૧૮ ઓગસ્ટે ફાઈનલ આરગ્યુમેન્ટ માટે તમામ દસ્તાવેજો જમા કર્યા હતા. સીબીઆઈ કોર્ટે એ પછી બચાવ પક્ષ અને મામલાની તપાસ કરી રહેલી સીબીઆઈને પૂછ્યુ હતુ કે, કોઈ પણ પક્ષ કોઈ બીજી આરગ્યુમેન્ટ કરવા માંગે છે ત્યારે બંને પક્ષોએ ઈનકાર કર્યો હતો અને એ પછી કોર્ટે રામ રહિત સહિત પાંચને હત્યા માટે દોષી જાહેર કર્યા હતા. બીજી તરફ પંજાબ પોલીસે પણ ડેરા સચ્ચા સોદાના પ્રમુખ રામ રહીને ૨૦૧૫માં ગુરુ ગ્રંથ સાહેબના અપમાનના કેસમાં ક્લીન ચીટ આપી હોવાનો ઈનકાર કર્યો છે.

# ટાટાએ ૧૮ હજાર કરોડની બોલી લગાવી એર ઈન્ડિયા ખરીદી લીધી

**ડીઆઈપીએએમના સચિવ તુહિન કાંત પાંડેયએ જાહેરાત કરી : મંત્રીઓની પેનલે બિડને ક્લિયર કરી દીધી અને આ રીતે એર ઇન્ડીયા ટાટા સન્સનો ભાગ બની : કોન્સોર્ટિયમે ૧૫,૦૦૦ કરોડની બોલી લગાવી હતી**

નવી દિલ્હી , તા.૮

ટાટા સન્સે એર ઈન્ડીયાને ખરીદી લીધી છે. ટાટા સન્સે એર ઈન્ડીયાને ખરીદવા માટે ૧૮ હજાર કરોડ રૂપિયાની બોલી લગાવવામાં આવી છે. ડીઆઈપીએએમ ના સચિવ તુહિન કાંત પાંડેયએ શુક્રવારે જાહેરાત કરી છે.

ડિપાર્ટમેન્ટ ઓફ ઈન્વેસ્ટમેન્ટ એન્ડ પબ્લિક એસેટ મેનેજમેન્ટ (ડીઆઈપીએએમ) ના સચિવે જણાવ્યું કે એર ઈન્ડીયાની હરાજીમાં બે કંપનીઓએ બોલી લગાવી હતી. તેમાં ટાટા સન્સની બોલી સૌથી વધુ ૧૮ હજાર કરોડ રૂપિયાની રહી. મંત્રીઓની પેનલે આ બિડને ક્લિયર કરી દીધી અને આ પ્રકારે એર ઈન્ડીયા હવે ટાટા સન્સનો ભાગ બની ગયો છે.



તેમણે કહ્યું કે દેશના મોટા આર્થિક નિર્ણય પર વિચાર કરવા માટે એક સ્પેશિયલ પેનલ ગઈ હતી. આ પેનલમાં ગૃહ મંત્રી, નાણા મંત્રી, કોમર્સ મિનિસ્ટર અને સિવિલ એવિએશન મિનિસ્ટર સામેલ રહ્યા. પેનલે તમામ પાસાઓ પર વિચાર-વિમર્શ કર્યું. ત્યારબાદ બિડમાં સૌથી મોટી બોલી લગાવવામાં આવતા ટાટા સન્સને વિજેતા જાહેર કરી દેવામાં આવી હતી.

ડીઆઈપીએએમ સેક્રેટરીએ જણાવ્યું હતું કે, જુલાઈ ૨૦૧૭થી એર ઈન્ડિયાના વેચાણની પ્રક્રિયા શરૂ થઈ હતી અને સરકારને ડિસેમ્બર ૨૦૨૦ સુધીમાં સાત બિડર્સ મળ્યા હતા. તેમાંથી એર ઈન્ડિયા દ્વારા બેની પસંદગી કરવામાં આવી હતી. જેમાં ટાટા ગ્રુપની બોલી સૌથી વધુ હોવાથી એર ઈન્ડિયા ટાટા ગ્રુપના હસ્તક કરવામાં આવી છે.

ટાટા ગ્રુપે ૧૮,૦૦૦ કરોડ રૂપિયાની બોલી લગાવી હતી. જ્યારે સ્પાઈસ જેટના ફાઉન્ડર અજય સિંગની આગેવાનીવાળા કોન્સોર્ટિયમે ૧૫,૦૦૦ કરોડ રૂપિયાની બોલી લાગવી હતી.

કેન્દ્ર સરકારે એપ્રિલ ૨૦૨૧માં સંભવિત બિડર્સને બોલી લગાવવાનું કહ્યું હતું. ૨૦૦૭માં એર ઈન્ડિયાનું ડોમેસ્ટિક ઓપરેટર ઈન્ડિયન એરલાઈન્સ સાથે મર્જર થયું હતું ત્યારથી તે ખોટમાં ચાલી રહી હતી.

જાન્યુઆરી ૨૦૨૦થી તેના વેચાણની પ્રક્રિયા શરૂ થઈ હતી પરંતુ કોરોનાના કારણે તેમાં વિલંબ થયો હતો. એરલાઈન પાસે હાલમાં ડોમેસ્ટિક એરપોર્ટ્સ પર ૪,૪૦૦ ડોમેસ્ટિક અને ૧,૮૦૦ ઈન્ટરનેશનલ લેન્ડિંગ અને પાર્કિંગ સ્લોટ છે જ્યારે વિદેશી એરપોર્ટ્સ પર ૯૦૦ સ્લોટ છે.

## આશિષ મિશ્રા હાજર ન થયો, નેપાળ ભાગી ગયાની શક્યતા

**ખેડૂતોનો આરોપ છે કે ખેડૂતોને કચડનારી થાર અજય મિશ્રા ટેનીનો પુત્ર આશિષ મિશ્રા ઉર્ફે મોનુ ચલાવતો હતો**

લખીમપુર ખીરી , તા.૮

આશિષ મિશ્રા ઉર્ફે મોનુને ઉત્તરપ્રદેશના કેટલાક લોકો જ ઓળખતા હતા. મોનુ કેન્દ્રીય ગૃહ રાજ્યમંત્રી અજય મિશ્રા ટેનીનો પુત્ર છે. એક સમયે નિગાસન વિધાનસભા બેઠક પરથી ભાજપની ટિકિટનો દાવો કરી રહેલા આશિષ મિશ્રાને કેટલાક સ્થાનિક લોકો જ ઓળખતા હતા. જો કે, આજે આખો દેશ તેને ઓળખવા લાગ્યો છે, પરંતુ આ તસવીર હીરોની નહીં પણ ખલનાયકની બની ગઈ છે. લખીમપુરની ઘટનામાં આશિષ ૧૦ વાગ્યા સુધીમાં પોલીસ સમક્ષ હાજર થવાનો હતો, પરંતુ તે હવે આવ્યો નથી.

લખીમપુર ખીરીમાં ગાડીઓના કાફલાએ પ્રદર્શનકારી ખેડૂતોને કચડી નાખ્યા હતા. આ કાફલામાં થાર સૌથી આગળ ચાલી રહી હતી. પહેલા થાર ખેડૂતોને કચડીને આગળ વધી અને પછી પાછળથી અન્ય બે વાહનો પણ નીકળ્યા. ખેડૂતોનો આરોપ છે કે આ થાર અજય મિશ્રા ટેનીના પુત્ર આશિષ મિશ્રા ઉર્ફે મોનુ ચલાવી રહ્યા હતો.

વિપક્ષથી લઈને ખેડૂતોના સંગઠનો અને સ્થાનિક લોકો આશિષ મિશ્રા ઉર્ફે મોનુની ધરપકડ કરવાની માંગ કરી રહ્યા છે. પીડિતોના પરિવારોએ એમ પણ કહ્યું કે જ્યાં સુધી મોનુની ધરપકડ નહીં

● અનુસંધાન પાન-૭ પર

## કોંગ્રેસ પક્ષના સંગઠન અને મૂળમાં ખામીઓ છે : પ્રશાંત કિશોર

નવી દિલ્હી, તા.૮

ચૂંટણીની રણનીતિ બનાવવા માટે જાણીતા પ્રશાંત કિશોર સાથે તાજેતરમાં ગાંધી પરિવારની મુલાકાતો થઈ હતી અને તે બાદ પ્રશાંત કિશોર કોંગ્રેસમાં જોડાશે તેવી અટકળો શરૂ થઈ હતી.

જોકે કોંગ્રેસ માટે હવે પ્રશાંત કિશોરે એવુ નિવેદન આપ્યુ છે જેના કારણે તેમના કોંગ્રેસમાં જોડાવાની ધારણાઓ પર બ્રેક વાગી ગઈ છે. પ્રશાંત કિશોરે કોંગ્રેસનુ નામ લીધા વગર કહ્યુ છે કે, ભારતની સૌથી જુની પાર્ટીના સહારે વિપક્ષની ભારતના રાજકારણમાં વાપસી થશે તેવુ જો કોઈ વિચારતુ હોય તો તે ભૂલભરેલુ છે. કમનસીબે સૌથી જુની પાર્ટીના સંગઠનમાં અને તેના મૂળિયામાં જ બહુ મોટી ખામીઓ છે અને હાલમાં આ સમસ્યાઓનુ કોઈ સમાધાન મને દેખાઈ રહ્યુ નથી.

પ્રશાંત કિશોરના આ નિવેદનને આગામી ચૂંટણીને ધ્યાનમાં રાખીને અહમ માનવામાં આવી રહ્યુ છે. હાલમાં લખીમપુરમાં

● અનુસંધાન પાન-૭ પર

## ભારતની ઈકોનોમીનું પાંચ ટ્રિલિયન ડોલરનું લક્ષ્ય દૂર : રંગરાજન

નવી દિલ્હી, તા.૮

રિઝર્વ બેંકના પૂર્વ ગર્વનર સી રંગરાજનનુ કહેવુ છે કે, હાલની સ્થિતિમાં ભારતની ઈકોનોમી ૨૦૨૫ સુધીમાં પાંચ ટ્રિલિયન ડોલરની ઈકોનોમી બને તે લક્ષ્ય અશક્ય છે. શૈક્ષણિક સંસ્થાના પદવીદાન સમારોહમાં હાજર સી.રંગરાજને કહ્યુ હતુ કે, કોવિડની ત્રીજી લહેરની શક્યતાઓને ધ્યાનમાં રાખીને પ્રયાસો થવા જોઈએ. રસીકરણનો વ્યાપ વધારવા માટે હેલ્થ સેક્ટરમાં પણ સરકાર રોકાણ કરે તે જરૂરી છે. તેમણે આગળ કહ્યુ હતુ કે, કેટલાક વર્ષો પહેલા આશા હતી કે, ૨૦૨૫ સુધીમાં ભારત પાંચ ટ્રિલિયન ડોલરની ઈકોનોમી બનશે. હવે આ વાત અશક્ય છે. ૨૦૧૯માં આપણી ઈકોનોમી ૨૭૦૦ અબજ ડોલરની હતી. માર્ચ ૨૦૨૨ સુધીમાં આપણે આ જ સ્તર પર હોઈશું.

# શાહરૂખ પુત્ર આર્યનને જામીન આપવા મુંબઈ કોર્ટનો ઈનકાર

**મુંબઈની કોર્ટમાં વકીલોની દલિલો બાદ કોર્ટનો ચુકાદો : સ્ટાર પુત્ર આર્યનખાનના બહાર રહેવાથી તપાસ પ્રભાવિત થવાની એનસીબીના વકીલે શક્યતા વ્યક્ત કરી**



મુંબઈ, તા.૮

શાહરૂખ ખાનના પુત્ર આર્યન ખાનની જામીન અરજી મુંબઈની મેજિસ્ટ્રેટ કોર્ટે ફગાવી દીધી હતી. આ દરમિયાન આર્યન ખાન છેલ્લા સાત દિવસથી અન્ય આરોપીઓ સાથે મુંબઈના એનસીબીના કાર્યાલયમાં વિતાવ્યા હતા. આર્યન ખાનના એનસીબી રિમાન્ડ મેળવવા માગતી હતી. એનસીબીની દલિલ હતી કે મામલાની તપાસ જારી છે એને લીધે આર્યન ખાન સહિતના અન્ય લોકોની કસ્ટડી હોવી જરૂરી છે. આર્યન ખાનાના વકીલ સતીશ માનેશિંદેની દલિલ હતી કે મુકૃયઆરોપી પકડાવા સુધી તેમના અસીલને કસ્ટડીમાં રાખી ન શકાય. બન્ને પક્ષોની દલિલ સાંભળ્યા બાદ કોર્ટે આર્યન ખાન સહિત ન્ય સાત આરોપીઓને ૧૪ દિવસની ન્યાયિક હિરાસતમાં મોકલી દીધા હતા. આર્યન ખાનની જામીન અરજી કોર્ટે ફગાવી દેતાં તેમે જેલમાં રહેવું

● અનુસંધાન પાન-૭ પર

વાછાણી ઓર્થોપેડિક અને કિડની હોસ્પિટલ

ડૉ. વિવેક વાછાણી દ્વારા આયોજીત

NABH Certified

ઉત્તર ગુજરાતની એક માત્ર હોસ્પિટલ કે જ્યાં સાંધા બદલાવાનું ઓપરેશન સ્નાયુ કાપ્યા વગર કોમ્પ્યુટર નેવીગેશનની મદદથી કરવામાં આવે છે.



**જોઈન્ટ રિપ્લેસમેન્ટ મેગા કેમ્પ**

આ કેમ્પ ફક્ત જોઈન્ટ રિપ્લેસમેન્ટ માટે જ છે.

**કેમ્પના સ્પેશીયલ ડિસ્કાઉન્ટનો લાભ મેળવવા માટે ૧૫ ઓક્ટોબર પહેલા ઓપરેશન કરાવો**

કન્સલ્ટીંગ ફી અને ડિઝીટલ એક્સ-રે ૫૦% રાહત દરે

**કેમ્પનો સમય**

સોમવાર થી શનિવાર

સવારે ૧૧:૦૦ થી ૧:૦૦ અને સાંજે ૫:૦૦ થી ૭:૦૦

**કેમ્પનું સ્થળ**

વાછાણી હોસ્પિટલ, ૩જો માળ, બી-બ્લોક, રાધે સિગ્નેચર, સહજાનંદ સીટી સામે, કુડાસણ, ગાંધીનગર-૩૮૨૪૨૧

અગાઉથી રજીસ્ટ્રેશન કરાવવા માટે મો. ૯૫૧૨૩ ૫૫૫૬૩, ૯૯૨૫૬ ૨૮૧૦૮